ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



એક જ દિવસે ભરૂચ જિલ્લામાં બે જગ્યાએ આગજનીના બનાવોથી લોકોમાં અચરજ

## દહેજમાં યુનિવર્સલ કંપનીના ગોડાઉનમાં બ્લાસ્ટ સાથે ભીષણ આગ લાગતા ભારે અફડાતફડી, ફાયર વિભાગે ભારે જહેમત બાદ કાબૂ મેળવ્યો

આગના બનાવથી કંપની પરિસરમાં નાસભાગ મચી હતી



(પ્રતિનિધિ) ભરૂચ, તા.31

દહેજના શિવા ફાર્માને આગ લાગ્યાને ગણતરીના દિવસ થયા ફરીવાર આજ દહેજમાં અન્ય એક કંપનીમાં આગ લાગતા ચિંતાનો માહોલ ઉભો થયો છે.ગુરુવારે વહેલી સવારે દહેજની યુનિવર્સલ નામની કંપનીના ગોડાઉનમાં પ્રચંડ ધડાકા સાથે ભીષણ આગ ફાટી નીકળતા ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.ભરૂચ જીલ્લામાં એક દિવસમાં બે જગ્યાએ આગ લાગવાની ઘટના સામે આવી છે.ભરૂચ ST ડેપોના વર્કશોપમાં આગ લાગી હતી.

દહેજની યુનિવર્સલ કંપનીના ગોડાઉનમાં ગુરુવારે વહેલી સવારે એકાએક જોરદાર ધડાકો થયો હતો. આના કારણે કંપની પરિસરમાં નાસભાગ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ વાગરા મામલતદારની ટીમ તાબડતોબ સ્થળ પહોચી ગયા હતા.ફાયર વિભાગે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ ઘટના બે દિવસ પહેલા દહેજમાં થયેલા ધડાકા બાદ બની છે. આ સિલસિલાબંધ ઘટનાઓ દહેજ ઔદ્યોગિક વસાહતમાં સલામતીના ધોરણો અને નિયમોના પાલન થતા ગંભીર પ્રશ્નાર્થ ઉભા થયા છે.ઔદ્યોગિક એકમોમાં વારંવાર બનતી આવી દુર્ઘટનાઓ કામદારોની સુરક્ષા અને પર્યાવરણને થતી ભારે અસરો ચિંતામાં વધારો થઈ રહ્યો છે.દહેજની ઔદ્યોગિક સુવિધાઓમાં કામ કરતા હજારો લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તાત્કાલિક પગલાં લેવા અનિવાર્ય બની ગયા છે.

### ભોલાવ ST ડેપોના વર્કશોપમાં ટાયરના ગોડાઉનમાં ભીષણ આગમાં 175 નવા ટાયર બળીને ખાક

દહેજની કેમિકલ કંપનીમાં આગ ફાટી નીકળ્યા બાદ ભરૂચ શહેરના ભોલાવ વિસ્તારમાં આવેલ એસ.ટી. ડેપોમાં પણ આગનો બનાવ સામે આવ્યો હતો. એસ.ટી. ડેપોમાં આવેલા વર્કશોપમાં આગ ફાટી નીકળી હતી વર્કશોપમાં ટાયરનો મોટો જથ્થો હોવાના કારણે જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. જેના પગલે ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી નજરે પડ્યા હતા. સમય સુચકતા વાપરી કર્મચારીઓ સુરક્ષિત સ્થળે ખસી ગયા હતા.આ અંગેની જાણ કરવામાં આવતા જ ભરૂચ નગર સેવાસદનના 4 ફાયર ફાઈટરોએ ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધી હતી ગોડાઉનમાં વેન્ટીલેશનના અભાવે ફાયર ફાયટરોએ દીવાલ તોડી આગ પર કાબુ મેળવ્યો હતો.આ બનાવમાં કોઈ જાનહાનિ થઈ ન હતી. ગોડાઉનમાં 175 જેટલા નવા ટાયરોનો જથ્થો સ્ટોર બળીને ખાક થઇ જતા ST વિભાગે આ ઘટના અંગે તપાસ આદરી છે.

## મનરેગા કૌભાંડમાં મોટી કાર્યવાહી કરાઈ, નેત્રંગના TDOને સસ્પેન્ડ કરી દેવાયા



(પ્રતિનિધિ) ભરૂચ, તા.31

બહુ ચર્ચાયેલા ભરૂચ જીલ્લાના ત્રણ તાલુકામાં મનરેગા મસમોટા કૌભાંડ બાબતે તંત્રએ લાલ આંખ કરી છે.જેમાં હાલમાં નેત્રંગના TDO અને મનરેગા કૌભાંડ પ્રકરણમાં ધરપકડ થયેલા મહંમદ સહલ ઈસ્માઈલ પટેલને સસ્પેન્ડ કરતા સરકારી વર્તુળોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. ભરૂચ જીલ્લામાં બહુ ગાજેલા મનરેગા કઠિત કૌભાંડમાં ગત તા.23મી જુલાઈએ સંડોવાયેલા બે ટીડીઓ સહીત ટેકનીકલ આસિસ્ટન્ટ કર્મીની ધરપકડ કરવામાં આવી હતી.આ ધરપકડમાં અગાઉ હાંસોટમાં ફરજ બજાવતા અને હાલમાં નેત્રંગ TDO મહંમદ સહલ ઈસ્માઈલ પટેલ પણ સામેલ હતા. ધરપકડ બાદ તેમની સામે વહીવટી કાર્યવાહી હાથ ધરી હતી.જેમાં મહંમદ પટેલ કસ્ટડીમાં ધરપકડ કરતા ભરૂચ DDOએ તા-30મી જુલાઈ-2025નાં રોજ ગુજરાત મુલ્કી સેવા f(ફરજમોકુફી) વિગેરે નિયમો-2002નાં નિયમો-68 જોગવાઈ મુજબ સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો હતો. ઉલ્લેખનીય એ છે કે જે બાબતે ભરૂચ જીલ્લા વિકાસ અધિકારીનાં મંતવ્ય જાણવા મોબાઈલ પર ફોન કરવા છતાં તેમનો સંપર્ક થયો ન હતો.

ઓરસંગ કિનારે ગૃહિણીઓ નદીના ઠંડા પાણીમાં સ્નાન કર્યું

## સંખેડા ઓરસંગ નદીના કિનારે ગૃહિણીઓ દ્વારા શીતળા સાતમની ઉજવણી



(પ્રતિનિધિ) સંખેડા, તા.31

સંખેડા પંથકમાં શ્રાવણ માસ શરૂ થતાં ધાર્મિક તહેવારોની ઉજવણીમાં લોકોનો ઉત્સાહ જોવા મળે છે. શ્રાવણ માસના સુદ પાંચમને નાગપંચમી પૂજા, બીજા દિવસે રાધનછથ અને ગુરુવારે શીતળા સાતમના દિવસે ગૃહિણીઓ, ઓરસંગ નદીમાં ઠંડા પાણીનું સ્નાન કરી ઓરસંગ નદીના કિનારે શીતળા માતાની પૂજા ગૃહિણીઓ દ્વારા પૂજા કરવામાં આવી હતી.

શ્રાવણ સુદ પાંચમથી નાગ પંચમી તહેવારની શરૂઆત થાય છે. મધ્ય ગુજરાતમાં રાધન છઠ અને શીતળા સાતમ શ્રાવણ સુદ પક્ષમાં કરતા હોઈ રાધન છઠને દિવસે વિવિધ વાનગીઓ બનાવી બીજે દિવસે શીતળા માતાની પૂજા કરી ઠંડુ ખાવાની માન્યતા છે. જે અનુસાર રાંધણ છઠના દિવસે હિન્દુ માતા બહેનો દ્વારા આખો દિવસ ભોજન બનાવી સાંજના ચૂલા લિપિ અને ઠંડો કરી સ્વસ્તિક કરી, કંકુ ચોખા અર્પણ કરી પૂજા કરવાની રીત આવતા-ગેસ સ્ટવની પૂજા કરી, બીજા દિવસે વહેલી સવારે સંખેડા ઓરસંગ કિનારે ગૃહિણીઓ નદીના ઠંડા પાણીમાં સ્નાન કરી નર્મદા કિનારે આવેલ ઓરસંગ કિનારે વિવિધ મંદિરોમાં શીતળા માતા શાસ્ત્રો વિધિ મુજબ પૂજા અર્ચના કરી પરિવારમાં ચામડી પર સિરસ અને ખંજવાળ ન આવે તેવી પ્રાર્થના કરી હતી. આજે આખો દિવસ આગલા દિવસે બનાવેલી રસોઈની વાનગીઓ ખાઈને શીતળા સાતમનું વ્રત કરતી મહિલાઓ જોવા મળી હતી.

## છોટાઉદેપુર જિલ્લા કક્ષાનો 'સંપૂર્ણતા અભિયાન સન્માન સમારોહ' કાર્યક્રમ યોજાયો




(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.31

છોટાઉદેપુર જિલ્લાનો જિલ્લા કક્ષાનો 'સંપૂર્ણતા અભિયાન સન્માન સમારોહ' કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખ મલકાબેન પટેલના અધ્યક્ષતામાં છોટાઉદેપુર શહેરના દરબાર હોલ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ મલકાબેન પટેલે જણાવ્યું હતું કે, 'સંપૂર્ણતા અભિયાન'માં કર્મચારીઓ દ્વારા શ્રેષ્ટ કામગીરી કરવા બદલ સન્માનિત કરવાનો આ કાર્યક્રમ છે. સંપૂર્ણતા અભિયાનમાં આઈસીડીએસ, આરોગ્ય, ખેતીવાડી અને અન્ય શાખાઓના કર્મચારીઓએ ગ્રાઉન્ડ લેવલ પર કામગીરી કરી હતી. આ પ્રસંગે જિલ્લા કલેકટર ગાર્ગી જૈન અને ઈ. ડી.ડી.ઓ. અને પ્રાયોજના વહીવટદાર કલ્પેશકુમાર શર્મા દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું.

ભારત સરકારના એસ્પિરેશનલ જિલ્લા અને બ્લોક પ્રોગ્રામ હેઠળ નીતિ આયોગ દ્વારા નક્કી કરવામાં આવેલ ૬ સુચકાંકોને સેચ્યુરેશન સુધી લઈ જવા માટે છોટાઉદેપુર જિલ્લામાં 'સંપૂર્ણતા અભિયાન'નું જુલાઈ થી સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી આયોજન કરવામાં આવ્યું હતું.

સિવિક સેન્ટરની મુલાકાત અને વિવિધ પ્રોજેક્ટ અંતર્ગત ચાલતા કાર્યોનું નિરીક્ષણ કરતા સુરભિ ગૌતમ

## સાવલી-ઓડ પાલિકા વિસ્તારમાં માર્ગ દુરસ્તીકરણનું નિરીક્ષણ કરતા પ્રાદેશિક નગરપાલિકા નિયામક



(પ્રતિનિધિ) વડોદરા, તા.31

પ્રાદેશિક નગરપાલિકા નિયામક-વડોદરા ઝોન હસ્તકના ૬ જિલ્લાની ૨૫ નગરપાલિકામાં હાલ ચોમાસાના કારણે રોડ-રસ્તાને થયેલ નુકસાન તથા ખાડાના રિપેરીંગની કામગીરી રાત દિવસ સઘન રીતે યુદ્ધના ધોરણે ચાલી રહી છે. જેનું ઉચ્ચ અધિકારી દ્વારા સઘન રીતે દેખરેખ રાખવામાં આવી રહ્યું છે ત્યારે માર્ગ મરામતની કામગીરી સત્વરે અને ઉચ્ચ ગુણવત્તા યુક્ત થાય તે દેખરેખ રાખવામાં આવી રહી છે. બુધવારે ઓડ નગરપાલિકા ખાતે પ્રાદેશિક કમિશ્નરસુરભિ ગૌતમ, અધિક કલેક્ટર મેહુલ પંડ્યા, કાર્યપાલક ઈજનેરશ્રી અમિત પટેલ, સંબંધિત ચીફ ઓફિસર તેમજ કર્મચારીઓની ટેકનિકલ ટીમ દ્વારા નગરપાલિકાના કામોનું સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં ઓડ નગરપાલિકા વિસ્તારના સૂર્યાગેટથી કુમારશાળા સુધીના રોડ ઉપરના ખાડાઓ પુરવા માટે એસ.ઓ.પી. આધારિત રોડ રીસફેસિંગના કામો, પાકા પેચવર્કના કામો તેમજ અમૃત-૨.૦ યોજનામાં વિજાસર તળાવ ડેવલોપમેન્ટ એન્ડ બ્યુટીફીકેશનના કામોનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું. સાવલી નગરપાલિકા વિસ્તારના ભાતપુરા તળાવ પાસે આવેલ લેગસી વેસ્ટની સાઈટ પર પ્રોસેસિંગ પ્લાન્ટ બનાવવા માટે સ્થળ નિરીક્ષણ કર્યું હતું.

પાવી જેતપુર તાલુકાના કલારાણી ગામે કાર્યક્રમ

## એકલવ્ય ગ્રુપ ઓફ કોલેજીસનો પાંચમો સ્થાપના દિવસ ઉજવાયો



(પ્રતિનિધિ) બોડેલી, તા.31

એકલવ્ય ગ્રુપ ઓફ કોલેજીસના પાંચમા સ્થાપના દિવસ ઉજવાયો હતો. જેમા મુખ્ય મહેમાન તરીકે રાજ્યના ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવી વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા.તેમણે જણાવ્યુ હતુ કે છોટાઉદેપુર જિલ્લાના અંતરિયાળ વિસ્તારમા રાજ્યના તત્કાલિન શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ચંદ્રમૌલી ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટીઓને આદિવાસી સમાજના દિકરાઓ,દિકરીઓને વધુ અભ્યાસ માટે અન્ય જિલ્લામા ન જવુ પડે તે માટે કોલેજ ખોલવા માટે ભલામણ કરી હતી. જેના પરિણામ સ્વરૂપે કોલેજની 2021 મા શરૂઆત કરવામા આવી હતી. શરૂઆતના વર્ષમા કોલેજમા ત્રણ વિભાગના કોર્ષમા 350 વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા.જ્યારે આજે 2025 મા નવ વિભાગના કોર્ષમા 3000 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.શ્રી ગોવિંદ ગુરૂ યુનિર્વસિટીના નવા વરાયેલા કુલપતિ પ્રો હરિભાઈ કતારિયા પણ પાંચ જિલ્લામા ચાલતી કોલેજોમા પુરતુ ધ્યાન આપી યુનિર્વસિટીને ચારચાંદ લગાડવાનુ કાર્ય કર્યુ છે. છોટાઉદેપુર જિલ્લામા આદિવાસી સમાજના દિકરા,દિકરીઓને એક જ વિભાગમા અભ્યાસક્રમ સાથે સ્પોર્ટસમા આગળ લાવવા આહવાન કર્યુ હતુ.

સરદાર પટેલે દેશ માટે કરેલા અવિસ્મરણીય કાર્યો માટેની આ સાચી શ્રદ્ધાંજલિ છે : ઓમર અબ્દુલ્લા

## ઓમર અબ્દુલ્લાની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની યાદગાર મુલાકાત




(પ્રતિનિધિ) કેવડિયા, તા.31

જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પોતાના બે દિવસીય ગુજરાત પ્રવાસના અવસરે નર્મદા જિલ્લાના વૈશ્વિક પર્યટન સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને પ્રાકૃતિક સૌંદર્યનો નજારો અને મા નર્મદાના દર્શન કરી સરદાર સરોવર નર્મદા ડેમની મુલાકાત લઈ વિશાળ જળ રાશીના દર્શન સાથે ગુજરાતની પ્રગતિ અને ઈજનેરી કૌશલ્યની મુક્તમને પ્રસંશા કરી હતી.મુખ્યમંત્રીશ્રી ઓમર અબ્દુલ્લા સૌ પ્રથમ એકતાનગર હેલીપેડ ખાતે આવી પહોંચતા જિલ્લા વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીશ્રીઓએ સ્વાગત કર્યુ હતું ત્યારબાદ સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં આવી પહોંચતાં SoUના મુખ્ય કારોબારી અધિકારીશ્રી અમિત અરોરા, જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે. મોદી અને નાયબ વન સંરક્ષકશ્રી અગ્નિશ્વર વ્યાસે આવકાર્યા હતાં. જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રીશ્રીએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળી પ્રભાવિત થઈને ગૌરવ સાથે કહ્યું કે, "આ સરદાર સાહેબે દેશ માટે કરેલા અવિસ્મરણીય કાર્યો માટેની આ સાચી શ્રદ્ધાંજલિ છે." તેમણે વધુમાં જણાવ્યું કે, સરદાર વલ્લભભાઈ પટેલે દેશના એકીકરણ માટે જે દ્રષ્ટિકોણ અપનાવ્યો તે યુવા પેઢી માટે પ્રેરણારૂપ છે.આ પ્રવાસ દરમિયાન મુખ્યમંત્રીશ્રી સાથે જમ્મુ-કાશ્મીર રાજ્યનું પ્રતિનિધિ મંડળ પણ જોડાયું હતું. મુખ્યમંત્રીશ્રીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં પ્રવાસે આવેલા રાજસ્થાનના બિકાનેર નજીક ચુરુ ડિસ્ટ્રીક્ટમાંથી આવેલા પ્રવાસી વિજયભાઈ બોત્રા અને તેમના પરિવાર સાથે સંવાદ સ્થાપિત કરી વાતચીત કરી, એસઓયૂની મુલાકાત અંગેના પ્રવાસીઓ પાસેથી તેમના અનુભવો અંગે પણ જાણકારી મેળવી હતી.

## શિનોર અને માલસર મુકામે નર્મદા નદી કિનારે શીતળા માતાની પૂજા અર્ચના કરવામાં આવી



**શિનોર :** આજે શીતળા સાતમ નિમિત્તે શીતળા માતાજીના મંદિરે પૂજા અર્ચના કરવામાં આવી રહી છે.ત્યારે શિનોર તાલુકાના માલસર મુકામે નર્મદા નદીના કિનારે આજે મોટી સંખ્યામાં મહિલાઓ શીતળા માતાજીના દર્શન તેમજ પૂજા અર્ચના કરવા ઉમટ્યા હતા.જ્યાં શીતળા માતાજીની પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવી હતી.

ગ્રામ પંચાયતમાં વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર થયો હોવાની અરજી

## બોડેલીના ઉચાપાન ખાતે તાલુકા કક્ષાની ટીમ તપાસ અર્થે આવી પહોંચતા ભ્રષ્ટાચારીઓમાં ફફડાટ

**સંરક્ષણ** દિવાલ, ભૂગર્ભ ગટર લાઈન, પેવર બ્લોક, બોર મોટર, સીસી રસ્તાના કામ અને શેડની કામગીરીની તપાસ



(પ્રતિનિધિ) બોડેલી, તા.31

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના ઉંચાપાન ગ્રામ પંચાયતમાં 2021 22 23 24 ના વિવિધ યોજના હેઠળ ચાલુ વર્ષે માં થયેલા કામો અંદાજે 15 લાખ રૂપિયામાં કરવામાં આવ્યા હતા. જેમાં પ્લાન એસ્ટીમેન્ટ મુજબના કામો ન થયા હોવા અને ગેરરીતિ થઈ હોવાની લેખિત રજૂઆત સાથે ગામના યુવકે મુખ્યમંત્રી કાર્યાલય અને તાલુકા કક્ષાએ કરેલી અરજીને ધ્યાને લઈ તાલુકા કક્ષાની ટીમે પંચાયતમાં થયેલા કામોનું આજ રોજ નિરીક્ષણ કર્યું હતું.

ઉંચાપાન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે સીસી રોડ, પેવર બ્લોક, બેંક ઓફ બરોડા ઉંચાપાન ગ્રામ પંચાયતમાં શેડ, આદિવાસી મા. શાળામાં શેડ, સીસી રોડ, જેસીંગપુરા નવીનગરીમાં સ્મશાન ખાતે શેડ તેમજ ઘાઘરપુરમાં બોર મોટર અને સીસી રોડ અને પેવર બ્લોકના વિવિધ યોજના હેઠળ વિકાસના કામો કરવામાં આવ્યા હતા. ત્યારે ઊંચાપાનના જાગૃત નાગરિકે સ્થળ પર હલકી કક્ષાના તેમજ કામોમાં ગેરરીતિ આચાર્યની ફરિયાદ તાલુકા કક્ષાએ કરી હતી. આજે તાલુકા કક્ષાની ટીમે અરજદાર અને તલાટી કમ મંત્રીને સાથે રાખી સ્થળ મુલાકાત કરી દરેક થયેલા કામોની ચકાસણી કરી રિપોર્ટ કરવામાં આવ્યો હતો.

પાછલા ત્રણ દિવસીથી પાણીની અછત, વિદ્યાર્થીઓને ટેન્કરમાંથી પાણી ભરાવવામાં આવતા આક્રોશ

## ગરબાડાના નીમચ ગામે PMR સ્કૂલના 220 જેટલા વિદ્યાર્થીઓ ગાંધીચિંધ્યા માર્ગે હડતાળ પર



(પ્રતિનિધિ) દાહોદ, તા.31

એક તરફ સરકાર દ્વારા વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે અનેક પ્રયાસો કરી રહી છે ત્યારે બીજી તરફ ટ્રાયબલ વિસ્તાર ગણાતા દાહોદ જિલ્લામાં મૂળભૂત શિક્ષણના નામે વિદ્યાર્થીઓ સાથે અન્યાય થતો હોવાના ગણગણાટ વચ્ચે ભૂતકાળમાં પણ દાહોદ જિલ્લાની અનેક શાળાઓ ચર્ચાનો વિષય બની હતી ત્યારે આવો જ એક વધુ કિસ્સો ગરબાડાની નીમચ પી એમ આર એસ સ્કૂલમાં સામે આવ્યો છે જેમાં આ સ્કૂલના 220 જેટલા વિદ્યાર્થીઓ હડતાલ ઉપર ઉતરી જતા શૈક્ષણિક હાલમાં સતબ્ધતા વ્યક્તિ જવા પામી છે. મળતી માહિતી પ્રમાણે હાલમાં વિદ્યાર્થીઓ સ્કૂલના બિલ્ડીંગમાં રહેવા મજબૂર બન્યા છે જ્યાં મૂળભૂત સુવિધાઓ નો અભાવ છે. છેલ્લા બે ત્રણ દિવસથી પાણીની અછત થી વિદ્યાર્થીઓ ટેન્કરમાંથી પાણી ભરવા લાચાર બન્યા છે. તો બીજી તરફ હમારી માંગે પૂરી કરો ના નારા સાથે વિદ્યાર્થીઓએ અભ્યાસ બંધ કરી કેમ્પસ બહાર ધરણા પ્રદર્શન યોજ્યા હતા. વિદ્યાર્થીઓના આક્ષેપો પ્રમાણે હલકી ગુણવત્તા નું ભોજન અને અપૂરતી વ્યવસ્થાઓથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. આ મામલે સંબંધિત તંત્રને વારંવાર રજૂઆતો કરવા છતાંય સરકાર અને વહીવટી તંત્રની બેદરકારીથી સમસ્યાનો ઉકેલ આવ્યો ન હોવાના આક્ષેપો કર્યા છે. અગાઉ પણ વિદ્યાર્થીઓએ હડતાલ કરી હતી.